... કરવા દેવામાં આવે તેવી અપીલ થઈ શકશે.

## ☐ ક. ૬૩. સત્તા, ફરજો અને કાર્યો અધિકારીઓને સોંપી શકાશે અને તેમનું ખર્ચ આપી શકાશે :

જે કોઈ સત્તા અથવા ફરજો અથવા કારોબારી કાર્યો નગરપાલિકા ચલાવી અથવા બજાવી શકે અથવા તેના વતી ચલાવી અથવા બજાવી શકાય તે કોઈ સત્તા, ફરજો અથવા કારોબારી કાર્યો આ અર્થે નગરપાલિકાએ કરવાના નિયમો અનુસાર પ્રમુખને અથવા ઉપપ્રમુખને અથવા કોઈ સમિતિના અધ્યક્ષને અથવા એક અથવા વધારે વૈતનિક અથવા માનદ અધિકારીને સોંપી શકાશે પણ એવી સત્તા, ફરજો અથવા કાર્યો અધિનિયમથી મુખ્ય અધિકારીને અથવા કલમ ૫૩થી અથવા તે અન્વયે કોઈ સમિતિને આપવામાં આવેલાં હોય એવી સત્તાને બાધ આવે તે રીતે સોંપી શકાશે નહિ અને આ પ્રમાણે સોંપેલ કોઈપણ સત્તા અથવા ફરજ અથવા કાર્ય ચલાવતી અથવા બજાવતી દરેક વ્યક્તિને તેણે એવી બાબતમાં કર્યું હોય તેવું તમામ જરૂરી ખર્ચ આપી શકાશે.

### વિવરણ

જ્યાં સુધી એમ પ્રતિપાદન થઈ શકે તેમ નથી કે મ્યુ. ભોગવે છે તે અધિકારે બીજા કોઈને 'ડેલીગેટ' કરવા માટે મ્યુ.ને સામાન્ય અધિકારો પ્રાપ્ત છે તો પછી અધિકાર 'ડેલીગેશન' માટે કલમ ૩૭નો જ આશરો લેવો પડે આ માટે મ્યુ.એ બનાવ્યા છે "તે રૂલ્સના ધોરણે" એ જે શબ્દો વાપરવામાં આવ્યા છે તે એમ સૂચવે છે કે કોઈપણ ડેલીગેશનનું કાર્ય કલમ ૩૮ મુજબ કરવું પડે અને તે કલમનો તેવા ડેલીગેશનં ઉપર કાબૂ છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ડેલીગેશન કાયદેસર ત્યારે જ બને જ્યારે તે કલમ ૩૮ નીચે થયું છે. તે બનાવવામાં આવ્યા છે તે રૂલ્સને અનુસરીને જ થઈ શકે મ્યુ.એ રૂલ્સ જ્યારે તે કલમ હેઠળ બનાવ્યા જ નથી તો પછી 'ડેલીગેશન' કોઈપણ અધિકાર નીચે થઈ શકે નહીં. **(૧૯૬૨-૪, ગુ.લૉ.રી. ૧૦૫ જુઓ કલમ ૩૭, બો. મ્યુ. બ. એક્ટ)**

(૨) સ્કૂલ બોર્ડના પ્રતિનિધિની ચૂંટણી-મ્યુ.નો હક-જો પ્રકાર-સોંપણી પરવાનગીપાત્ર **(જુઓ ૧૯૬૨(૬૪ બો.લૉ.રી. ૧૦૦)**